(૧૦)લોનની રકમ ૯૫% અને ૫% લાભાર્થીએ ફાળો આપવાનો રહેશે.

(૧૧)લોનની રકમનો ચેક જે સંસ્થાના નામનો આપવામાં આવશે.

(૧૨)પરિણામની નકલ અને અગાઉ આપેલ લોનની રકમની કૉલેજ તેમજ હોસ્ટેલની ફીની પહોંચ આપ્યેથી પછીનો હપ્તો આપવામાં આવશે.

(૧૩)લોનના હપ્તાની પરત ચુકવણી લાભાર્થીએ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ ૬ માસ પછી અથવા નોકરી/વ્યવસાય શરૂ કરે તે બેમાંથી જે વહેલું હોય ત્યારથી કરવાની રહેશે.

(૧૪)અધવચ્ચેથી અભ્યાસક્રમ છોડી દેનાર વિદ્યાર્થી પાસેથી આપવામાં આવેલ લોનની રકમ વ્યાજ સહિત એક સાથે વસુલ કરવામાં આવશે.

**લોન મંજુર થાય તે પહેલા નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જેથી જરૂરી દસ્તાવેજો પુરા કરી શકાય.**

(૧) અરજદારે વિદ્યાર્થી અને વાલીએ જોઈન્ટ એકાઉન્ટ ખાતું, રાષ્ટ્રીય કૃત બેન્કમાં ખોલાવવું સી.ટી.એસ. કોડવાળી માઈકર ચેકબુક મેળવી અને સહીવાળા દશ ચેક દસ્તાવેજો સાથે આપવાના રહેશે.

(૨) અરજદારે સ્થાવર મિલ્કત ઉપર બોજો કરાવવાનો રહેશે. બે જામીનદાર નકકી કરવા તેમજ જામીનદારનું આધારકાર્ડ / બારકોડેડ રેશન કાર્ડ / ચૂંટણી કાર્ડ અને તેમનીસ્થાવર મિલ્કતના પુરાવા આપવા.

- **જાતિ અને આવકનાં પ્રમાણપત્રો નીચે દર્શાવેલ સક્ષમ અધિકારીઓ પાસેથી મેળવી રજૂ કરવાનાં રહેશે.**

(૧) કલેક્ટર (૨) જીલ્લા વિકાસ અધિકારી (૩) મદદનીશ કલેક્ટર, નાયબ કલેક્ટર (૪) નાયબ જીલ્લા વિકાસ અધિકારી (૫) મામલતદાર (૬) તાલુકા વિકાસ અધિકારી (૭) જીલ્લા નાયબ નિયામક(વિ.જા.) (૮) જીલ્લા સમાજ કલ્યાણ અધિકરી (વિ.જા.)

- **ઉપર દર્શાવેલ અધિકારીઓ ઉપરાંત નીચેના અધિકારીઓ ફક્ત આવકનો દાખલો આપી શકશે.**

(૧) નગરપાલિકા ચીફ ઓફીસર (૨) સર્વ રાજ્યપત્રિત અધિકારી (૩) નાયબ તાલુકા વિકાસ અધિકારી (૪) વિસ્તરણ અધિકારી (પંચાયત) (૫) નાયબ મામલતદાર

- **જ્યાં જાતિ અને આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી અલગ-અલગ હોય ત્યાં આવાં પ્રમાણપત્રો અલગ-અલગ મેળવીને રજૂ કરવાનાં રહેશે**

★ ★ ★

- **ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે આ નિગમની યોજનાનો લાભ લો.**

**૮૬૦૦** જેટલા લાભાર્થીઓને
**રૂા.૪૦.૦૦** કરોડની લોન

**ઉચ્ચ શિક્ષણ માટે રૂા.૧૦ લાખ સુધીની લોન**
**ન્યૂ આકાંક્ષા યોજના**
**નો લાભ લેવા નિગમનો સંપર્ક કરવો**

**૪૦૦** વિદ્યાર્થીઓને
આશરે **રૂા.૭.૦૦** કરોડની લોન

**આ માહિતી પત્રિકા અરજદારની જાણકારી અને ઉપયોગ માટે છે.**


**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,**
બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૬૪૮૬
ફેક્સ નં.(૦૭૯) ૨૩૨૪૧૪૭૮૬
CIN : U 91990 GJ 2003 SGC 042945
વેબ સાઈટ: www.sje.gujarat.gov.in/gtkvn
ઈ-મેઈલ: md-gtkvn@gujarat.gov.in


## ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

(ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, હેઠળનું જાહેર સાહસ)

### સીધા ધિરાણની વિવિધ યોજનાઓની માહિતી પત્રિકા

ભાઈઓ અને બહેનો,

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઠાકોર અને કોળી જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આ નિગમની રચના કરવામાં આવી છે.

- ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે આ નિગમ કામ કરે છે. રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજૂર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઈને સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

- ઠાકોર અને કોળી સમાજના નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા જરૂરિયાતમંદ લોકો સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરે શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગ, કારીગરી અને પરંપરાગત ધંધા-વ્યવસાય, સેવાકીય ધંધા અને પરિવહન સેકટર અને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવામાં આવે છે. જે સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ માટે લોનનું અરજીપત્રક ભરતાં પહેલા આ માહિતી પત્રિકાનો અભ્યાસ કરવા વિનંતી છે.

| જશવંત ગાંધી | ભૂપતભાઈ એમ. ડાભી | નંદાજી વી. ઠાકોર |
|---|---|---|
| મેનેજીંગ ડીરેક્ટર | ઉપાધ્યક્ષ | અધ્યક્ષ |

## ઉચ્ચ શિક્ષણ લોન યોજના (ન્યુ આકાંક્ષા યોજના)

● **લોન મેળવવાની પાત્રતાના મુખ્ય ધોરણો :**

૧. અરજદાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર અથવા કોળી જાતિના હોવા જોઈએ.

૨. અરજદારના કુટુંબની કુલ વાર્ષિક આવક-ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧,૨૦,૦૦૦/- વધુ ન હોવી જોઈએ.

● **અન્ય જરૂરી બાબતો :**

(૧) લોન માટેનું ફોર્મ નિગમની કચેરીએથી અથવા વેબસાઈટ ઉપરથી મળી શકશે.

(૨) વિદ્યાર્થીએ સરકાર માન્ય / AICTE, UGC, મેડીકલ કાઉન્સીલ, માન્ય એન્જીનીયરીંગ / એમ.સી.એ. / એમ.બી.એ. / મેડીકલ / સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ.

(૩) મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી લોન માટે પાત્ર નથી. ડિપ્લોમા અભ્યાસક્રમ માટે લોન મળવાપાત્ર નથી.

(૪) રાજય સરકારની સેન્ટ્રલ એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (ACPC) અને એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશન કોર્સીસ અને ટેકનીકલ એજયુકેશન દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશપત્ર (એડમીશન લેટર)ની નકલ જરૂરી છે.

(૫) ધોરણ ૧૦ અને ૧૨ની માર્કશીટ, જાતિ પ્રમાણપત્ર, લીવીંગ સર્ટીફીકેટ, આધારકાર્ડ વગર પ્રમાણપત્રો તેમજ વાલીનાં ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ, આવકનું પ્રમાણપત્ર તેની નકલો તેમજ વિદ્યાર્થી અને વાલીના તાજેતરના ફોટા.

(૬) જાતિ અને આવકના પ્રમાણપત્રો સક્ષમ અધિકારીઓ પાસેથી મેળવી રજૂ કરવાનાં રહેશે.

(૭) કોલેજની ફી ના માળખા અંગેનો કોલેજનો પત્ર રજૂ કરવો.

(૮) હોસ્ટેલમાં રહેવાનું હોય તો તે અંગેનો પત્ર-રહેવા તથા જમવા અંગેના ખર્ચની વિગતો.

(૯) કોલેજની સત્ર ફી / ટયુશન ફી અને હોસ્ટેલ ફી નો ખર્ચ નિયત માપદંડની મર્યાદામાં મળવાપાત્ર છે.

(૧૦) વિવિધ યોજનાઓમાં રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી તરફથી નાણાંકીય ઉપલબ્ધતા, નિતિ-નિયમો અને આ નિગમનાં નિયમો ધ્યાનમાં લઈને લોન મંજૂર કરવામાં આવશે.

● **મહત્વની બાબતો :**

● લોનની જરૂરિયાત હોય તો જ ફોર્મ ભરવું. ફોર્મમાં બધી વિગતો પૂરેપૂરી ભરવી.

● નિગમમાંથી અગાઉ લોન લેનાર અને બાકીદાર / ડીફોલ્ટર થયેલ લાભાર્થીને કે તેના પુત્ર / પુત્રીને લોન મંજૂર કરવામાં આવશે નહિ.

● મંજુર કરવામાં આવનારી રકમ લોન છે તેમાં કોઈપણ પ્રકારની સબસીડીનો સમાવેશ થતો નથી. તેમજ ભવિષ્યમાં લોન માંડવાળ કરવામાં આવશે નહી. લોનની પૂરેપૂરી રકમ નિયત માસિક હપ્તામાં ભરવાની રહે છે. તે સમજીને / ધ્યાનમાં રાખીને જ અરજી કરવી.

● નિગમમાં લોન અરજીની કાર્યવાહી માટે તેમજ લોનની મંજૂરી માટે કોઈ એજન્ટ / વ્યક્તિ / કર્મચારીને નાણાં આપવા નહી. આ પ્રકારની કોઈ માંગણી કરે તો તે બાબત નિગમના અધ્યક્ષશ્રી / મેનેજીંગ ડીરેકટરશ્રીના ધ્યાને લાવવી.

## સામાન્ય રીતે નીચેના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક લોન આપવામાં આવશે.

મેડીકલ લાઈનના અભ્યાસક્રમો જેવા કે એમ.બી.બી.એસ., બી.એ.એમ.એસ., બી.એચ.એમ.એસ., ડેન્ટલ, ફીઝીયોથેરાપી, ફાર્મસી તેમજ એન્જીનીયરીંગના અભ્યાસક્રમો જેવા કે સીવીલ એન્જીનીયર, મીકેનીકલ એન્જીનીયર, ઈલેકટ્રીકલ એન્જીનીયર, કોમ્પ્યુટર એન્જીનીયર, બાયોટેકનોલોજી વગેરે તેમજ એમ.સી.એ. તથા એમ.બી.એ., બી.એસ.સી. (નર્સીંગ) ડિગ્રી અને ડિપ્લોમાના અભ્યાસક્રમો.

● **અગત્યની બાબતો :**

(૧) આ યોજનામાં વિદ્યાર્થી અને તેના વાલીને સંયુક્ત રીતે લોન આપવામાં આવે છે.

(૨) વ્યાજનો દર વિદ્યાર્થીઓ માટે ૪% તથા વિદ્યાર્થીનીઓ માટે ૩.૫% રહેશે.

(૩) આ યોજના હેઠળ વધુમાં વધુ રૂા. ૧૦ લાખ. પ્રતિ સત્ર રૂા.૧,૨૫,૦૦૦/- ની મર્યાદામાં લોન આપવામાં આવશે.

(૪) લોનની રકમ ૯૫% અને લાભાર્થી ફાળો ૫% રહેશે.

(૫) લોન ચેક આપ્યા તારીખથી લોનનું વ્યાજ ગણવામાં આવશે તથા લોન અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ૬૦ માસિક હપ્તામાં વ્યાજ સહિત પરત ચુકવવાની રહેશે. અનિયમિત હપ્તા ભરનાર (ડીફોલ્ટર) પાસેથી દંડનીય વ્યાજ લેવામાં આવશે.

(૬) આ લોન માટે અરજદારે બે જામીન આપવાના રહેશે.

(૭) અરજદાર અથવા જામીનદારની મિલકત ઉપર નિગમના નામે બોજો દાખલ કરવાનો રહેશે.

(૮) રાષ્ટ્રીય કૃત બેંકના સહીવાળા ૧૦ CTS ચેક રજૂ કરવાના રહેશે.

(૯) એ.ટી.કે.ટી. કે ફેઈલ થયેલ વિદ્યાર્થીને બીજા સત્રની ફી ચુકવવામાં આવશે નહી.

**લોન માટેનું અરજીપત્રક વિના મૂલ્યે મળશે.** **અરજીપત્રકમાંની વિગતો પૂરેપૂરી ભરવી.** **અભ્યાસ પૂરો થયા બાદ હપ્તા નિયમિત ભરવા.**